પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૮ | ૩૦ માર્ચ, ૨૦૧૯, શનિવાર; ફાગણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કિન્નરને મળી 'આપ'ની ટીકીટ

કિન્નર અખાડાના મહામંડલેશ્વર મા ભવાનીનાથ વાલ્મીકીને આમ આદમી પાર્ટીની સભ્યતા ગ્રહણ કરી છે. આમ આદમી પાર્ટીએ તેમને પ્રયાગરાજની ટીકીટ આપી છે. સાંસદ સંજયસિંહે આ ઘોષણા કરી હતી.

### કરતારપુર કોરીડોર મામલે ઉચ્ચાયુક્તને તેડુ

કરતારપુર કોરીડોર મામલે ફરીથી વિવાદ જાગ્યો છે. અહીંના પ્રવાસીઓને સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી બનાવેલી કમિટીમાં આતંકી હાફિઝ સઈદના સહયોગી અને ખાલીસ્તાન સમર્થક ગોપાલ ચાવલાની પાકિસ્તાને નિમણુંક કરી છે. આ મામલે ભારતે આપત્તિ દર્શાવી પાક. ઉચ્ચાયુક્તને તેડુ મોકલ્યુ હતુ અને નિયુક્તિ મામલે સ્પષ્ટિકરણ માંગ્યુ હતુ.

### તેજપ્રતાપ અપક્ષ લડશે

લાલુપ્રસાદ યાદવના મોટા પુત્રએ રાજકીય કદ ઘટતા બગાવત કરવાના એંધાણ આપ્યા છે. તેઓ સારણ બેઠક પરથી અપક્ષ ઉમેદવારી નોંધાવવાની તૈયારી કરી રહ્યા છે. રાદજ એ આ સીટ પરથી તેજપ્રતાપના સસરા ચંયિકા રાયને ઉમેદવાર બનાવ્યા છે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ
દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

# આતંકવાદના મુદ્દે યુએનમાં ઘેરાયુ પાકિસ્તાન

**સ્ટેટ પોલિસી હેઠળ ત્રાસવાદનો ઉપયોગ કરનારા પાકિસ્તાનને મોટી લપડાક : યુએનમાં ટેરર ફંડિંગ વિરોધી પ્રસ્તાવ પાસ : અમેરિકન સાંસદ સ્કોટ પેરીએ સંસદમાં પાક.વિરુદ્ધ પ્રસ્તાવ લાવી આતંકી ઠેકાણાઓને નષ્ટ કરવાની માંગ કરી : કેટલાક દેશો આતંકીઓનું સમર્થન કરે છે : પોતાની કરતૂતોના બચાવ માટે બહાના શોધી રહ્યા છે : આતંકવાદના મોરચે ભારતને બે મોટી સફળતા : આ પ્રસ્તાવ પાસ થવાથી ત્રાસવાદીઓને મળતા ફન્ડિંગ ઉપર અંકુશ આવશે**

ન્યુયોર્ક,તા. ૨૯

સ્ટેટ પોલિસી હેઠળ આતંકવાદનો ઉપયોગ કરનાર પાકિસ્તાનને આજે મોટો ફટકો પડ્યો હતો. એકબાજુ સંયુક્ત રાષ્ટ્રે ટેરર ફંડિંગની સામે એક પ્રસ્તાવ સ્વીકાર કરી લીધો છે. બીજી તરફ અમેરિકી સાંસદ સ્કોટ પેરીએ સંસદમાં પાકિસ્તાનની સામે એક પ્રસ્તાવ રજૂ કર્યો છે જેમાં આતંકવાદી અડ્ડાઓને ફુંકી મારવાની માંગ કરવામાં આવી છે. અમેરિકી સાંસદ સ્કોટ પેરીએ સંસદમાં પાકિસ્તાનની સામે પ્રસ્તાવ રજૂ કર્યો છે. પ્રસ્તાવમાં પુલવામા આતંકવાદી હુમલાની નિંદા કરવામાં આવી છે. પાકિસ્તાનના આતંકવાદી અડ્ડાઓને ફૂંકી મારવાની માંગ કરવામાં આવી છે. પ્રસ્તાવમાં પાકિસ્તાન ઉપર આતંકવાદીઓને આશરો આપવા માટે દોષિત ગણીને તેની સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. અમેરિકી પ્રતિનિધિ ગૃહમાં રિપબ્લિકન સાંસદ સ્કોટ પેરી દ્વારા મુકવામાં આવેલા પ્રસ્તાવમાં આતંકવાદી હુમલાની નિંદા કરવામાં આવી છે. પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશના આત્મઘાતી બોંબર દ્વારા આ હુમલો કરાયો હતો. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે કરાયેલા આ હુમલામાં ૪૦ જવાન શહીદ થયા હતા. પ્રસ્તાવને રજૂ કર્યા બાદ પેરીએ કહ્યું હતું કે, પાકિસ્તાન સરકારને હવે જવાબદાર ઠેરવવાનો સમય આવી ગયો છે. ત્રાસવાદના મોરચા પર પાકિસ્તાનની મુશ્કેલી હવે દિન પ્રતિદિન વધી રહી છે. પુલવામાં હુમલામાં પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદની સંડોવણી ખુલ્યા બાદ અને ભારત દ્વારા આ હુમલાના જવાબમાં પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદી કેમ્પોને ફુંકી મારવામાં આવ્યા બાદ પાકિસ્તાન વૈશ્વિક મોરચા પર અલગ પડી ગયુ છે. ભારતની સાથે અમેરિકા, ફ્રાન્સ સહિતના દેશો દેખાઈ રહ્યા છે. જેના ભાગરૂપે પાકિસ્તાનની અનેતેની મદદ કરનાર ચીનની મુશ્કેલી વૈશ્વિક મંચો પર ખરાબ થઈ રહી છે. તેમના ખતરનાક વલણનો હવે વિશ્વ સમક્ષ પર્દાફાશ થયો છે. પાકિસ્તાનને આજે વધુ બે

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦૧૯માં તો હું જ છું, ૨૦૨૪માં જોઈશું : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

**પાકિસ્તાને આતંકવાદ છોડવો જ પડશે : ભાગેડુઓ જેટલા રૂપિયા લઇને ભાગ્યા તેનાથી વધુ સંપત્તિ જપ્ત કરી**



ન્યુ દિલ્હી,તા.૨૯

લોકસભા ચૂંટણી ૨૦૧૯ પૂર્વે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક ખાનગી ચેનલને એક મોટો ઈન્ટરવ્યૂ આપ્યો છે. આ ખાનગી ચેનલ સાથેની વાતચીતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ અને વિપક્ષથી લઈને પુલવામા આતંકી હુમલો, પાકિસ્તાન વિરુદ્ધ એર સ્ટ્રાઈક, એરફોર્સના પાઈલટ અભિનંદનની વાપસી અને ઈમરાનખાન પર ખુલ્લા મને વાત કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ૨૦૧૯ની ચૂંટણીમાં અમે ૩૦૦થી વધુ બેઠકો જીતીશું. આ વખતે અમારી સામે મુકાબલામાં કોઈ છે જ નહીં. જ્યારે ૨૦૨૪માં મોદીની વિરુદ્ધ મેદાનમાં કોઈ પણ હોઈ શકે છે. આ વખતે મહાગઠબંધનનું ગણિત કામ નહીં કરે. ઉમેદવારી પત્રો ભર્યા બાદ વિરોધ પક્ષો વિખેરાઈ જશે, પરંતુ ૨૦૧૯માં સરકાર બનાવ્યા બાદ અમે વિપક્ષોને સાથે

● અનુસંધાન પાન-૭ પર

# મેં વારાણસીમાં વિકાસના પુરાવા શોધ્યા, ક્યાંય મળ્યા નહીં : પ્રિયંકા

અયોધ્યા, તા. ૨૯

ઉત્તરપ્રદેશના ચૂંટણી જંગમાં રાજ્યમાં પોતાની પાર્ટીની સ્થિતિ મજબૂત કરવામાં લાગેલા



પ્રિયંકા ગાંધીએ આજે અયોધ્યામાં મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, પાંચ વર્ષ સુધી દુનિયાભરના નેતાઓને ગળે લગાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે પોતાના લોકોને ગળે મળવાનો સમય નથી. મોદી પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસીના ગામમાં લોકોને મળવા માટે ગયા નથી. પ્રિયંકાએ વોટરોને કહ્યું હતું કે, તેઓ કેટલીક ફરિયાદ ધરાવે છે જ્યારે નેતા તેમની પાસે આવે ત્યારે તેમને ભય હોવો જોઈએ. પ્રિયંકાએ એમ પણ કહ્યું હતું કે, ભાજપ સરકાર જનતા વિરોધી, કિસાન વિરોધી અને યુવા વિરોધી છે. આ સરકાર કામ કરવા માટે ઈચ્છુક નથી. આ સરકારને માત્ર ઉદ્યોગપતિઓમાં રસ છે. યુવાનો અવાજ ઉઠાવે તો તેમને લાઠીચાર્જનો સામનો કરવો પડે છે. ભાજપના શાસનકાળમાં બેરોજગાર પર લાઠીચાર્જ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

NEW CONNECTIONS. NEW FORM
ARRIVING SOON IN GANDHINAGAR

QUALITY.
EXPERIENCE.
VALUE.
THE FINAL LETTER

EXISTING 'Z' PROJECTS IN GANDHINAGAR
Siddhraj ZOLD | SIDDHRAJ ZAVOD | SIDDHRAJ ZORI | SIDDHRAJ Z+

SIDDHRAJ
THE 'Z' CONNECT
siddhrajdevelopers.com
MARKETED BY tps The Property Shop